# આસપાસ ચોપાસ

# ચુનાવાડી



## ચુનાવાડીની ખાપરી નદી બની શકે છે પ્રવાસનનું આકર્ષણ

ચુનાવાડી ગામેથી રાયગઢ તરફ જતાં માર્ગની લગોલગ કુદરતે જાણે પોતાના હાથે કંડારેલું એક મનોહર ચિત્ર જોવા મળે છે. પથ્થરની વિશાળ શીલાઓ વચ્ચેથી ખળખળ વહેતી ખાપરી નદી ચોમાસામાં પોતાના સૌંદર્યની સોળે કળાએ ખીલી ઊઠે છે. નદીનો નિર્મળ પ્રવાહ, આસપાસની હરિયાળી અને પથ્થરો પરથી વહેતાં પાણીના સંગીતમય ઝરણાં પ્રવાસીઓના મનને મોહી લે છે. ચોમાસાની ઋતુમાં આ સમગ્ર વિસ્તારનું રૂપ જ બદલાઈ જાય છે. ચારેબાજુ પથરાયેલી લીલીછમ ચાદર અને નદીનો કલકલ નાદ અહીં આવતાં સહેલાણીઓ માટે જાણે કુદરતના ખોળામાં વિતાવેલી યાદગાર પળો બની રહે છે. આ નયનરમ્ય નજારો માણવા માટે દૂરદૂરથી લોકો મોટી સંખ્યામાં ઊમટી પડે છે. સ્થળની પ્રાકૃતિક સુંદરતાને ધ્યાનમાં રાખીને અહીં પ્રવાસન વિભાગ દ્વારા પાયાની સુવિધાઓ ઊભી કરવામાં આવે તો ચુનાવાડીની ખાપરી નદી પ્રવાસન નકશા પર આગવું સ્થાન મેળવી શકે છે. રસ્તો, સુરક્ષા, બેસવાની વ્યવસ્થા, સ્વચ્છતા અને અન્ય જરૂરી સુવિધાઓ વિકસાવવામાં આવે તો ખાસ કરીને ચોમાસાની સિઝનમાં સ્થાનિક યુવાનો તથા નાના વેપારીઓ માટે રોજગારીની નવી તકો ઊભી થઈ શકે છે. આ સ્થળના વિકાસ માટે ગ્રામ પંચાયત દ્વારા વારંવાર વન વિભાગ સમક્ષ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં યોગ્ય કાર્યવાહી થતી ન હોવાની સ્થાનિકોમાં લાગણી છે. કુદરતે આપેલી આ અમૂલ્ય ભેટને સાચવવામાં આવે તો ચુનાવાડીની ખાપરી નદી ભવિષ્યમાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની શકે છે.



**સરપંચ**
છાયાબેન કૌશિકભાઈ ચૌધરી

## ચુનાવાડી ગ્રામ પંચાયત સમિતિ

- **ઉપસરપંચ-**અમીશાબેન રણજીતભાઈ ચૌધરી
- **સભ્ય-**સરસ્વતીબેન નારસીંગભાઈ ચૌધરી
- અમીશાબેન રણજીતભાઈ ચૌધરી
- ચીમનભાઈ સોનુભાઈ કોંકણી
- સુધાબેન રાજેશભાઈ ચૌધરી
- પ્રતિભાબેન ઈમાનુયેલ ચૌધરી
- રમેશભાઈ રૂમાભાઈ કોટવાળિયા
- હેમલતાબેન યોગેશભાઈ ચૌધરી
- **તલાટી-**કલ્પેશભાઈ ગામીત

## ચુનાવાડીના 114 દાવેદારોને વન અધિકારની સનદની રાહ

ચુનાવાડી ગામમાં વન અધિકાર અધિનિયમ-2006 હેઠળ હક્કદાર બનેલા આશરે 114 જેટલા દાવેદાર હજુ સુધી સનદથી વંચિત રહ્યા છે. લાંબા સમયથી સનદ ન મળવાને કારણે આદિવાસી દાવેદારોને જંગલ જમીન પર કાયદેસર રીતે ખેતી કરવામાં મુશ્કેલી પડી રહી છે. પરિણામે તેમની આજીવિકા પર પણ અસર થતી હોવાનું જાણવા મળે છે. વન અધિકારની સનદ ઉપલબ્ધ ન હોવાથી દાવેદારોને ખેડૂતોને મળતા વિવિધ સરકારી લાભો મેળવવામાં પણ અડચણો ઊભી થાય છે. ખેતી સાથે સંકળાયેલી યોજનાઓ, સરકારી સહાય તથા અન્ય લાભોથી તેઓ વંચિત રહેવાની સ્થિતિ સર્જાઈ છે. ગામના દાવેદારો દ્વારા સરકાર અને સંબંધિત તંત્ર સમક્ષ લાંબા સમયથી સનદ આપવાની માંગ કરવામાં આવી રહી છે. આદિવાસી પરિવારોના હિતને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા વન અધિકારના બાકી દાવાઓની કાર્યવાહી ઝડપી પૂર્ણ કરી પાત્ર દાવેદારોને વહેલી તકે સનદ આપવામાં આવે તેવી માંગ ઉઠી છે. સનદ મળવાથી આદિવાસી ખેડૂતોને જમીન પર કાયદેસર હક સાથે ખેતી અને સરકારી યોજનાઓનો લાભ મળી શકે તેમ છે.

## ચુનાવાડીના જંગલની ઘટતી હરિયાળી ચિંતનનો વિષય




ચુનાવાડી ગામનું કુદરતી સૌંદર્ય તેની ધરતીમાં વસેલા વિશાળ જંગલ વિસ્તારમાં સચવાયેલું છે. આશરે ૧૨૦૦ હેક્ટરના કુલ ભૌગોલિક વિસ્તાર પૈકી ૯૦૦ હેક્ટર જેટલો પ્રદેશ ગાઢ જંગલોથી આચ્છાદિત છે. એક સમયે આ જંગલ જાણે લીલી ચાદર ઓઢીને ઊભું રહેતું હતું. સાગ, સાદડો, ખેર, કલમ, બહેડો, મહુડો, ખાખરા (પલાસ), વાંસ સહિત વિવિધ જાતનાં નાનાં-મોટાં વૃક્ષો અહીંની પ્રકૃતિને સમૃદ્ધ બનાવે છે. જોકે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં વર્ષો જૂનાં સાગનાં વૃક્ષોનો મોટા પાયે અને આડેધડ સફાયો થતાં જંગલની એક અમૂલ્ય સંપત્તિ ધીમે ધીમે લુપ્ત થઈ છે. ક્યારેક આ વિસ્તારની ઓળખસમાન ગણાતાં સાગનાં વૃક્ષો હવે ગણતરીના જ જોવા મળે છે. વૃક્ષોની ઘટતી સંખ્યા માત્ર જંગલની સુંદરતા પર જ નહીં, પરંતુ પર્યાવરણના સંતુલન પર પણ અસર કરતી ચિંતાજનક સ્થિતિ છે. ચુનાવાડી સહિત આસપાસનાં દસેક ગામોના જંગલ વિસ્તારોને આવરી લેતી જંગલ મંડળીની જવાબદારી આ પરિસ્થિતિમાં વધુ મહત્ત્વપૂર્ણ બની છે. જંગલનું સંરક્ષણ, ગેરકાયદે વૃક્ષકાપ અટકાવવો, નવાં વૃક્ષોનું વાવેતર કરવું અને કુદરતી વારસાને ભાવિ પેઢી માટે જાળવી રાખવા માટે મંડળી વધુ સક્રિય બને તે સમયની માંગ છે. જંગલ માત્ર વૃક્ષોનો સમૂહ નથી, પરંતુ ગામના જીવન, પર્યાવરણ અને પ્રકૃતિનો શ્વાસ છે. તેને બચાવવો સૌની સામૂહિક જવાબદારી છે.

## ધાર્મિક પરંપરા અને ઉત્સવ





ચુનાવાડી ગામે આદિવાસી સમાજ વર્ષોથી ચાલી આવતી પરંપરા, રીત-રિવાજો અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવામાં આગવું સ્થાન મેળવ્યું છે. ગામમાં વારે-તહેવારે આદિવાસી સમાજ દ્વારા પરંપરાગત ધાર્મિક વિધિઓ સાથે વિવિધ પૂજા-અર્ચના કરવામાં આવે છે. તેમાં નન્દરવા, વાઘદેવ, માવલી પૂજા તેમજ પ્રકૃતિ પૂજાને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. ખાસ કરીને દર વર્ષે એપ્રિલ મહિનામાં આદિવાસી સમાજના નવા વર્ષ નિમિત્તે પીલવણી ઉત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. આ પ્રસંગે સમાજના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થઈ પરંપરાગત રીત-રિવાજો અને ધાર્મિક વિધિઓ સાથે ઉત્સવ ઉજવે છે. પીલવણી ઉત્સવ આદિવાસી સમાજની આગવી સંસ્કૃતિ, પરંપરા અને પ્રકૃતિ પ્રત્યેની આસ્થાનું પ્રતિબિંબ બની રહે છે. બીજી તરફ ચુનાવાડી ગામમાં વિવિધ ધાર્મિક આસ્થાનું પણ સુંદર સહઅસ્તિત્વ જોવા મળે છે. ગામમાં ત્રણ દેવળ ઉપરાંત એક મહાદેવ મંદિર અને બે હનુમાનજીનાં મંદિરો આવેલાં છે. વારે-તહેવારે ગામલોકો આ ધાર્મિક સ્થળોએ જઈ પૂજા-અર્ચના કરી શ્રદ્ધા વ્યક્ત કરે છે. આમ, ચુનાવાડી ગામમાં એક તરફ આદિવાસી સમાજ પોતાની વર્ષો જૂની સાંસ્કૃતિક પરંપરાઓને જીવંત રાખી રહ્યો છે, તો બીજી તરફ વિવિધ ધાર્મિક માન્યતાઓ અને આસ્થાઓ પણ સાથે-સાથે વિકસી રહી છે. ગામનું આ સાંસ્કૃતિક અને ધાર્મિક સહઅસ્તિત્વ તેની આગવી ઓળખ બની રહ્યું છે.



## રસ્તા અને પાણીની સુવિધા



ચુનાવાડી ગામના મુખ્ય રસ્તાઓની સ્થિતિ સારી હોવા છતાં અલગ-અલગ ફળિયાંને જોડતા આંતરિક રસ્તાઓની હાલત છેલ્લાં ઘણાં વર્ષોથી કથળી ગઈ છે. લાંબા સમયથી રીકાર્પેટિંગ નહીં થતાં અનેક આંતરિક રસ્તા ખાડા અને ઉબડખાબડ સપાટીમાં ફેરવાઈ ગયા છે. જેના કારણે ગ્રામજનોને રોજિંદી અવરજવર દરમિયાન મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને વાહનચાલકો તેમજ વૃદ્ધો અને વિદ્યાર્થીઓને રસ્તાની બિમસાર સ્થિતિનો ભોગ બનવું પડે છે. ગ્રામજનો દ્વારા પંચાયત સમક્ષ રસ્તાઓનું રિકાર્પેટિંગ કરાવવાની માંગ કરવામાં આવી રહી છે. બીજી તરફ ગામમાં પીવાના પાણીની સુવિધા માટે આશરે 34 પાણીની મિની ટાંકીઓ બનાવવામાં આવી છે, પરંતુ તેમાંથી કેટલીક ટાંકીઓમાં પાણી ઉપલબ્ધ ન હોવાથી બિનઉપયોગી બની ગઈ છે. પાણીની સુવિધા માટે ઊભી કરાયેલી ટાંકીઓ જ ઉપયોગમાં ન આવતાં સરકારી ખર્ચ સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. આ ઉપરાંત વર્ષ 2005-06 દરમિયાન બનાવવામાં આવેલી આશરે 20 વર્ષ જૂની મોટી પાણીની ટાંકી પણ જર્જરિત બની છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ટાંકી બંધ હાલતમાં હોવાથી તેનો કોઈ ઉપયોગ થઈ રહ્યો નથી. જર્જરિત ટાંકીના કારણે અકસ્માતની શક્યતા પણ નકારી શકાય તેમ નથી. ત્યારે ગ્રામજનો દ્વારા જૂની ટાંકી તોડી પાડી તેની જગ્યાએ નવી પાણીની ટાંકી બનાવવામાં આવે અને મિની ટાંકીઓમાં નિયમિત પાણી પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે.





## ચુનાવાડીની દૂધમંડળી 48 વર્ષથી પશુપાલકો માટે આધારરૂપ

ચુનાવાડી ગામના પશુપાલકો માટે વર્ષોથી શ્રી ચુનાવાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. આર્થિક આધારરૂપ બની છે. મંડળીની સ્થાપના 14 સપ્ટેમ્બર, 1978ના રોજ આશરે 70 સભાસદ દ્વારા કરવામાં આવી હતી. આજે મંડળી સાથે આશરે 500 સભાસદ જોડાયેલા છે. સભાસદ પશુપાલકો દ્વારા સવાર-સાંજ મળીને અંદાજે 2500 લિટર દૂધનું ઉત્પાદન કરવામાં આવે છે. દૂધમંડળી આજે આશરે રૂ.2.50 કરોડનું વાર્ષિક ટર્નઓવર ધરાવે છે. મંડળીના પ્રમુખ તરીકે છેલ્લાં 10 વર્ષથી નરેશભાઈ અમૃતભાઈ ચૌધરી જવાબદારી સંભાળી રહ્યા છે, જ્યારે જયદીપભાઈ રેવલાભાઈ ચૌધરી મંત્રી તરીકે કામગીરી કરી રહ્યા છે. પશુપાલકોને પ્રોત્સાહન આપવા મંડળી મારફતે 11 જેટલા પશુપાલકોને ગોબર ગેસ યોજનાનો લાભ પણ આપવામાં આવ્યો છે. ગામમાં દૂધમંડળી ઉપરાંત સેવા સહકારી મંડળી પણ કાર્યરત છે. સેવા સહકારી મંડળી દ્વારા ખેડૂતોને ખેતી તથા પશુપાલનના વ્યવસાય માટે જરૂરી નાણાકીય સહાય ઓછા વ્યાજે ધિરાણના સ્વરૂપે પૂરી પાડવામાં આવે છે. જેના કારણે ખેડૂતો અને પશુપાલકોને આર્થિક જરૂરિયાતો પૂર્ણ કરવામાં મદદ મળી રહી છે. સેવા સહકારી મંડળીના પ્રમુખ તરીકે અશોકભાઈ કે. ચૌધરી ફરજ બજાવી રહ્યા છે.



## અંબિકા નદીના તટ નજીક અંદાજિત 500 વર્ષ જૂનું બહેડાનું વૃક્ષ આકર્ષણનું કેન્દ્ર

ચુનાવાડી ગામના રહણીયા ડુંગર પર ગાઢ જંગલ વચ્ચે આવેલો માંડવા ધોધ અને અંબિકા નદીના કાંઠે આવેલું અંદાજિત 500 વર્ષ જૂનું બહેડાનું વૃક્ષ પ્રકૃતિપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન માંડવા ધોધ સોળે કળાએ ખીલી ઊઠતાં સમગ્ર વિસ્તારનું વાતાવરણ આહલાદક બની જાય છે. ધોધ સુધી પહોંચવા જંગલમાંથી પગદંડી માર્ગે ડુંગર ચઢવાનો રોમાંચક અનુભવ પણ સહેલાણીઓને આકર્ષે છે. જોકે, આ મનોહર ધોધ હજુ પ્રવાસન નકશા પર બહુ ઓછો જાણીતો છે. રહણીયા ડુંગરની ગુફામાં વર્ષોથી આદિવાસીઓની સોના જળમાતા બિરાજમાન છે. દિવાળી બાદ નવા સિઝનના ધાન્ય પાકની જળમાતાને અર્પણ કરવા સ્થાનિક તેમજ આસપાસના વિસ્તારોમાંથી આદિવાસી સમુદાયના લોકો અહીં શ્રદ્ધાપૂર્વક આવે છે. આમ, ચુનાવાડીનું રહણીયા ડુંગર પ્રકૃતિસૌંદર્ય સાથે આદિવાસી આસ્થાનું પણ અનોખું કેન્દ્ર બન્યું છે.



(માહિતી સંકલન અને તસવીર : હેમંત ગામીત, વ્યારા)